


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com | Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com | (M) 8238260259



વર્ષ - ૫૬ | જુલાઈ - ૨૦૨૬ | પત્ર - ૧૫૫


## નિત્ય પ્રાર્થના કરો (૧ થેસ્સા. ૫:૧૭)

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ,

પ્રાર્થાન - યાચના, અરજ, આજીજી, વિનંતી વગેરે શબ્દનો ઉપયોગ પ્રાર્થના માટે કરવામાં આવે છે. પ્રાર્થના એટલે આપણા આત્માને ઈશ્વર તરફ વાળવો. હે યહોવા હું તારામાં મારું અંતઃકરણ લગાડું છું. ગી.શા. ૨૫:૧ પ્રાર્થના આત્માનો ખોરાક છે, પ્રાર્થના એટલે ઈશ્વરની સમીપતા, સમક્ષતા અને સાનિધ્યનો અનુભવ કરવો તે છે. પ્રાર્થના એટલે ઈશ્વરની સાથે વાર્તાલાપ કરવો, લોકો સાથે વાતચીત કરવાથી આપણે તેમને ઓળખી શકીએ છીએ, તે જ પ્રમાણે ઈશ્વર સાથે પ્રાર્થના સ્વરૂપે વાત કરવાથી આપણે તેમને વધુ નિકટતાથી ઓળખી શકીએ છીએ. પ્રાર્થના આપણને ઈશ્વરની વધુ નજીક લાવે છે, આપણા વિશ્વાસને મજબૂત બનાવે છે અને જીવનની દરેક વિકટ અને કપરી પરિસ્થિતિઓમાં આશા આપે છે. ખ્રિસ્તી વિશ્વાસીના જીવનમાં પ્રાર્થના શ્વાસોશ્વાસ સમાન છે. પ્રાર્થના દ્વારા આપણે સ્વર્ગમાં ઈશ્વરના રાજ્યાસન સુધી પહોંચી શકીએ છીએ. ઈશ્વરના બાળકો પાસે જો કોઈ સૌથી મોટી તાકાત હોય તો તે પ્રાર્થનાની તાકાત છે. પ્રાર્થના એટલે આત્માઓ પ્રત્યેની અનુકંપા, સંભાળ અને કાળજી છે, શેતાનને છુટી કંપારી, જ્યારે જુએ ઈશ્વરના નબળામાં નબળા બાળકને નમેલો ઘુંટણે. પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે. પ્રાર્થના આત્મિક જીવનની નિશાની છે. પ્રાર્થનામાં ગાળેલો સમય ખૂબ જ આશીર્વાદિત હોય છે. શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે જેમ પોષ્ટીક આહાર જરૂરી છે તેમજ હૃદય અને મનને સ્વસ્થ, નિર્મળ, શુદ્ધ અને પવિત્ર રાખવા માટે પ્રાર્થનામય જીવન ખૂબ જ જરૂરી છે.

**સર્વદા પ્રાર્થના કરવી જોઈએ** અને કાયર થવું નહિ. લૂક ૧૮:૧, આપણા જીવનમાં સુખ, સમૃદ્ધિ, કલ્યાણ અને આબાદાની માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, જ્યારે આપણે દુઃખમાં હોઈએ ત્યારે ઈશ્વર પાસેથી હિંમત અને દિલાસો મેળવવો જોઈએ અને જ્યારે આપણે તકલીફ અને મુંઝવણમાં હોઈએ ત્યારે એવા સમયમાં ઈશ્વરના વચનો અને પ્રાર્થના દ્વારા સતત ઈશ્વરનું માર્ગદર્શન શોધવું જોઈએ. પ્રાર્થના પરિસ્થિતિ બદલે છે, પણ પ્રાર્થના હંમેશા પરિસ્થિતિ બદલે એવું જરૂરી નથી, પરંતુ તે પ્રાર્થના કરનાર વ્યક્તિને જરૂર બદલે છે. ઈશ્વર આપણા ભયને તેમના વિશ્વાસમાં, આપણી નિરાશાઓને તેમની આશામાં અને આપણી નબળાઈઓને તેમની હિંમત અને સામર્થ્યથી ભરી દે છે.

**દાનિયેલ-૩ અધ્યાયમાં દાનિયેલના ત્રણ મિત્રો,** તેઓને નબૂખાદનેસ્સારની ઊભી કરેલી મૂર્તિને ન નમવા બદલ તેમને શિક્ષા કરવામાં આવી. તેઓને અગ્નિની ભઠ્ઠીમાં નાંખવામાં આવ્યા, પણ ઈશ્વરે તેમનો અદ્‌ભુત બચાવ કર્યો. દાનિયેલ ૩:૧૭, અમારો ઈશ્વર જેની અમે ઉપાસના કરીએ છીએ તે અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી છોડાવવાને શક્તિમાન છે અને હે રાજા તે અમને આપના હાથમાંથી છોડાવશે. ઈશ્વરે આ ત્રણેય મિત્રોનો સાતગણી ગરમ અગ્નિની ભઠ્ઠીમાંથી તેમનો બચાવ કર્યો. તેમની પ્રાર્થના સાંભળવામાં આવી, જીવંત ઈશ્વરમાં તેમનો વિશ્વાસ અને પ્રાર્થના થકી અગ્નિની જ્વાળા તેમને બાળી શકી નહિ. ઈશ્વરે તેમની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યો.

**દાનિયેલ-૬ અધ્યાયમાં દાનિયેલના જીવનમાં તકલીફ અને મુશ્કેલીભર્યો સમય આવ્યો.** હે રાજા જે કોઈ ત્રીસ દિવસ સુધી આપના સિવાય કોઈ દેવની કે માણસની પાસે અરજ ગુજારે તેને સિંહોના બિલમાં નાખવામાં આવે. આવા પડકારો અને પ્રશ્નો મધ્યે પણ દાનિયેલે જીવંત ઈશ્વર પર વિશ્વાસ રાખ્યો અને તે અગાઉ કરતો હતો તેમ, દિવસમાં ત્રણવાર ઘુંટણિયે પડીને તેણે પ્રાર્થના કરી. પ્રાર્થના સતત ચાલુ રાખી, ઈશ્વરે સિંહોના મોં બંધ કર્યા અને દાનિયેલનો અદ્‌ભુત બચાવ કર્યો.

માર્ક ૧૧:૨૪ પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માંગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે.

ગી.શા. ૪૦:૧ મેં ધીરજથી યહોવાની વાટ જોઈ અને તેણે કાન દઈને મારી અરજ સાંભળી. ઈશ્વર આપણી પ્રાર્થનાઓ સાંભળે છે, આજે આપણે મુશ્કેલીઓ અને તકલીફોનો સામનો કરી રહ્યા છીએ. પ્રાર્થનામાં સતત લાગુ રહીએ, નિત્ય પ્રાર્થના કરીએ, પ્રાર્થનામય જીવન સતત સળગતું અને જીવંત રાખીએ. આપણા ઈશ્વર સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન છે, તે આજે પણ તેમના ભક્તોનો પોકાર સાંભળે છે, અને તેમને બચાવે છે. ગી.શા. ૧૦૩:૧૭ 'પણ યહોવાની કૃપા તેના ભક્તો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે અને તેમનાં સંતાનનાં સંતાનોની સાથે પોતાનું વિશ્વાસુપણું કાયમ રાખે છે. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જૂન -૨૦૨૬

- તા. ૩-૬-૨૦૨૬, પાલડી વિસ્તારમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગ માટે મળ્યા હતા.
- તા. ૫-૬-૨૦૨૬, ડિસ્ટ્રીક્ટ પાળક પ્રાર્થના સંગતમાં અગાપે મેથોડિસ્ટ ચર્ચ, રાણીપુરમાં મળ્યા હતા.
- તા. ૭-૬-૨૦૨૬, ભજનસેવામાં મળ્યા. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. સન્ડેસ્કૂલના બાળકોની મૌખિક અને લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં નંબર લાવનાર અને ભાગ લેનાર સર્વને શ્રીમતી પ્રતિમાબેન માસ્ટર દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૨૧-૬-૨૦૨૬, ભજનસેવામાં ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવ્યો. સમાજસેવા સમિતિના પ્રમુખ શ્રી ઓલ્ડ્રીચભાઈ ગામડિયાએ ભજનસેવાનું લિડીંગ કર્યું હતું અને શ્રી વિલ્યમભાઈ ક્રિશ્ચિયને પ્રભુના વચનોનું ઉત્તેજનદાયક મનન કરાવ્યું હતું. સર્વ પિતાશ્રીઓને ગુલાબનું ફૂલ આપી બહુમાન કરવામાં આવ્યું હતું તથા ફાધર્સ ડે નિમિત્તે હાજર સર્વ પિતાશ્રીઓને મંડળી તરફથી મોમેન્ટો આપવામાં આવ્યા હતા. સાંજે મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં મિશનબોર્ડ, સન્ડેસ્કૂલ બોર્ડ અને મેડીકલ બોર્ડમાં મંડળીના આગેવાનો સાથે હાજરી આપી હતી.
- તા. ૨૮-૬-૨૦૨૬, ભજનસેવામાં મળ્યા હતા. ભજનસેવા બાદ મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરમાં ડિસ્ટ્રીક્ટ મહિલા મંડળ દ્વારા જુવાન દીકરીઓના યુથ સેમિનારમાં હાજરી આપી હતી. આ સેમિનાર આશીર્વાદિત રહ્યો હતો.
- મંડળીના બાળકોને મંડળી તરફથી ફૂલસ્કેપ ચોપડા આપવામાં આવ્યા હતા.
- દર શુક્રવાર રાત્રે ૮:૦૦ કલાકે બાઈબલ અભ્યાસ અને પ્રાર્થના સંગતમાં મળ્યા હતા.

## મરણનોંધ

- તા. ૧૫-૬-૨૦૨૬ના રોજ સ્વ. રીનાબેન જી. દાસ ૪૮ વર્ષનું આશીર્વાદિત જીવન પૂર્ણ કરી પ્રભુના સદાકાળના વિસામામાં પ્રવેશ્યા છે. તેમના દુ:ખિત પરિવારને આપની પ્રાર્થનાઓમાં ધરી રાખશો.

## આવનાર દિવસો તરફ દૃષ્ટિપાત

- તા. ૧૨-૭-૨૦૨૬, બાઈબલ સોસાયટી સન્ડે
- તા. ૧૯-૭-૨૦૨૬, પુલ્પિટ એક્ષચેન્જ સન્ડે
- તા. ૨૬-૭-૨૦૨૬, સન્ડેસ્કૂલ વક્તૃત્વ સ્પર્ધા (ડિસ્ટ્રીક્ટ)

## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| અરૂણાબેન એસ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |
| ઈન્દુબેન વિશ્રામ | બર્થડે | ૫૦૦ |
| રૂફીનાબેન રાજ શાહ | એજ્યુકેશન | ૨૦૦૦ |
| રીટાબેન જે. કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| સ્વ. અનિલભાઈ જે. ક્રિશ્ચિયન ના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૫૦૦ |
| સિલીયાબેન એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦૦ |
| તનયભાઈ એસ. વાઘેલા | બર્થડે | ૧૦૦૦ |
| હેમલત્તાબેન એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| મોનિકાબેન આઈ. ખ્રિસ્તી | બર્થડે | ૩૦૦ |
| કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦ |
| લિનિયસભાઈ એસ. પેલ્મોર | બર્થડે | ૫૦૦ |
| સારાહબેન એફ. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ |
| પ્રશાંતભાઈ કે. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| પ્રતિક્ષા એન. પરીખ | બર્થડે | ૫૦૦ |
| અશ્વિનભાઈ પરીખ | આ.સ્તુ. | ૫૦૦ |
| સિલાસભાઈ જી. ચૌહાણ | આ.સ્તુ. | ૫૦૦ |
| સુનંદાબેન વી. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ડિક્સનભાઈ એ. હેરી | બર્થડે | ૫૦૦ |

## નાણાંકીય અહેવાલ એપ્રિલ - મે - ૨૦૨૬

| | | |
|---|---|---|
| તા.૧-૪-૨૬ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૩૮૯૮૮-૮૮ |
| | બેંક | ૯૪૨૩૭૪-૫૯ |
| એપ્રિલ-મે-૨૦૨૬ની | આવક | ૩૧૭૬૬૪-૦૦ |
| | કુલ | ૧૨૯૯૦૨૭-૪૭ |
| તા.૩૧-૫-૨૬ની બંધ સિલક | | |
| | રોકડ | ૬૩૩૪૮-૮૮ |
| | બેંક | ૫૪૨૬૦૩-૫૯ |
| એપ્રિલ-મે-૨૦૨૬ની | જાવક | ૬૯૩૦૭૫-૦૦ |
| | કુલ | ૧૨૯૯૦૨૭-૪૭ |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર**

## BIRTHDATE IN JULY




| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૭ | મંદાકીનીબેન એલ. પેલમોર | ૮/૭ | સિલ્વીયા એન. ક્રિશ્ચિયન USA | ૧૯/૭ | રાજેશ એફ. રાઠોડ |
| ૧/૭ | રોશની પી. પરીખ | ૮/૭ | કેરોલીન એ. ક્રિશ્ચિયન | ૨૩/૭ | રિચાર્ડ એસ. હિવાળે |
| ૨/૭ | શેરોન નોએલ ક્રિશ્ચિયન | ૯/૭ | રીટાબેન ડી. હેરી | ૨૫/૭ | ઈમાનુએલ એસ. ખ્રિસ્તી |
| ૨/૭ | ડૉ. મિનલ કેયુર ચૌહાણ USA | ૧૧/૭ | મહીમા એ. પેટ્રીક | ૨૬/૭ | ફ્રાન્સીસ વી. ગોહિલ |
| ૩/૭ | મીશેલ ડી. મેકવાન USA | ૧૨/૭ | પ્રતિભા આર. મહિડા | ૨૬/૭ | મટીલ્ડા જી. મેકવાન USA |
| ૩/૭ | એરોન એ. ઈમાનુએલ | ૧૪/૭ | ફેનીલ એ. મહિડા | ૨૭/૭ | ચિરાગ એસ. ચૌહાણ USA |
| ૪/૭ | સિપ્રાહ એ. પેલમોર | ૧૫/૭ | સ્વીટી એન. પરીખ | ૨૭/૭ | માગ્રેટબેન એસ. ઈમાનુએલ |
| ૪/૭ | આશ્ના એ. સોલોમન | ૧૫/૭ | રીયોના પી. ક્રિશ્ચિયન | ૨૯/૭ | શેરીલ આર. ક્રિશ્ચિયન |
| ૭/૭ | જેમ્સ વી. મેકવાન | ૧૬/૭ | કૃણાલ આર. મહીડા | ૨૯/૭ | સ્ટેસી જે. ડેવિડ |
| ૭/૭ | રિયોના ડી. હેરી | ૧૭/૭ | ઉષા એમ. રાઠોડ | ૨૯/૭ | સેલ્વીયા આર. હિવાળે |
| ૮/૭ | જુલીયેટ એન. ક્રિસ્ટી | ૧૮/૭ | એન્જલ એ. ક્રિશ્ચિયન | ૩૧/૭ | શેન પી. ક્રિશ્ચિયન |